Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૬ • તા. ૧૪ જૂન થી ૨૦ જૂન ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# કચ્છડો ખેલે ખલકમેં ગૌરવ પુરસ્કાર-૨૦૨૫ પ્રબોધ મુનવરને અર્પણ કરાયો

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member

SHUBH
DIAMONDS




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્‌વર્તન, સંસ્કાર અને સદ્‌વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*- જય જ્ઞાતિમૈયા*

# પુસ્તકો આપણાં મદદગાર મિત્રો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજ આપણે સૌ મોબાઈલના મહાસાગરમાં ડૂબી ગયાં છીએ. નવી નવી અવનવી ટેકનોલોજીના તેનો ઉપયોગ કરવો ઘણો ફાયદાકારક છે. પરંતુ કાગળ પર પ્રિન્ટ થયેલાં કાળા અક્ષરોનું વાંચન પણ ઓછું ઉપયોગી નથી, સાચો અને ઊંડો સંગાથ પુસ્તકોમાંથી મળે છે. જે વિચારોના વૃંદાવનમાં વિહાર કરાવે છે. પરીક્ષા લક્ષી ભણતર, ભણતરનો અભાવ જે વિદ્યાર્થીઓને થકવી દે છે. આખો દિવસ અભ્યાસમાં ખૂંપેલો વિદ્યાર્થી વધારાના પુસ્તકો વાંચવાનો અવકાશ ધરાવતો નથી. લેખન કાર્યની સૌથી પહેલી શરત છે વાંચન. શબ્દોના અર્થનું ઊંડાણ સમજ્યા વિના જો આપણે લેખન કાર્ય કરીએ તો એ સફળ થતું નથી. પુસ્તકો જ્ઞાનના ભંડાર છે જેના દ્વારા આપણે ઘણું જ્ઞાન મેળવી શકીએ છીએ.

આપણને વિચારો માણવા, સમજવા પુસ્તકો એક ઉત્તમ માધ્યમ છે. પુસ્તકોના વાંચનથી વ્યક્તિનું વ્યક્તિત્વ વિશેષ ઊભરી આવે છે. જીવનના દરેક તબક્કે સાચો રસ્તો આપણને પુસ્તકો પાસેથી મળે છે. માત્ર મોર્ડન ગેજેટનો ઉપયોગ કરીને આગળ વધવું તેની સાથો સાથ પુસ્તકોને પણ મિત્ર બનાવીએ. તેને વાંચી જ્ઞાનનો ભંડાર ભરીને ઉપયોગમાં લઈ ખરા અર્થે વાંચનની સારી ટેવ પાડીએ.

સ્વામી વિવેકાનંદજી એ કહેલું એક સુંદર વાક્ય છે. જે પુસ્તકોની મહતા દર્શાવે છે. તેમણે કહ્યું છે કે 'સારા પુસ્તક વિનાનું ઘર સ્મશાન જેવું છે.' આપણા રોજબરોજના જીવનમાં સુખ અને દુઃખ અવસ્થા આવતી હોય છે. ઘણી વાર એવા પ્રશ્નો ઉદ્‌ભવે છે. જેનો જવાબ આપણી પાસે હોતો નથી તેવા સમયે એક પુસ્તક જ આપણને મિત્રની જેમ મદદ કરી શકે છે. વિવિધ જ્ઞાનવર્ધક પુસ્તકો આપણને જીવન જીવવાની પ્રેરણા આપે છે. સકારાત્મક વિચારો આપણને આપણી સફળતા પ્રાપ્ત કરાવે છે. પુસ્તકો છે તો આપણું જીવન સુંદર છે. માટે રોજ એક પાનું તો અવશ્ય વાંચવું જોઈએ.

લોકમાન્ય બાળગંગાધર તિલક પુસ્તકો વિષે લખ્યું છે કે 'હું તો નર્કમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ.' સારા પુસ્તકો જ્ઞાન અને પ્રેરણાના અખૂટ સ્ત્રોત છે. જે નિરંતર આપણને રાહમાં ભટકી જતાં અટકાવે છે અને સતત સાચો માર્ગ બતાવે છે. સારા પુસ્તકોના વાંચનથી સફળતાના શિખર ચડવાની પ્રેરણા મળે છે. જ્ઞાનમાં વધારો થાય છે. આત્મવિશ્વાસ મળે છે. પુસ્તકો માત્ર નિર્જીવ કાગળ નથી. મૃત પામેલા અક્ષરો નથી પણ એક કૌશલ્ય જ્ઞાનવર્ધક અખૂટ ઝરણું છે, કલકલ વહેતી સમજણની સરિતા છે. સારું વાંચન અનુભવ સમજણનો નિચોડ આપે છે. તેના વાંચનથી આપણા જ્ઞાન અને સમજ શક્તિમાં ભરપૂર વધારો થાય છે. ટેકનોલોજીના સમયમાં માત્ર મોબાઈલનો આધાર કે આશરો ન લેતાં પુસ્તકોનું વાંચન પણ કરવું જરૂરી છે. આપણી સુષુપ્ત જ્ઞાન શક્તિ ખીલવવામાં પુસ્તકોનું વાંચન મદદરૂપ થાય છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ ને નમઃ ।। ।।卐।। ।। અચલગચ્છાધિષ્ઠાયીકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ ।।

# શ્રી ક.દ.ઓ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ

## સ્થાપિત - સંચાલિત

## શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનના

# નુતનીકરણ સાથે વિસ્તારનો શુભારંભ

**લીફટ યુકત અત્યાઆધુનીક સગવડો ધરાવનાર**
**૧૫ રૂમોની નવી વીંગ તથા નુતન ઉપહાર ગૃહના શિલાન્યાસ પ્રસંગે**

# નેહ ભર્યું નિમંત્રણ

**ભુમિપૂજનનો શુભ દિવસ**

વિ.સં.૨૦૮૧, જેઠ વદ-૯,
શુક્રવાર, તા.૨૦ જુન ૨૦૨૫



**ભુમિપૂજનનો શુભ મુહુર્ત**

સવારે ૮.૩૦કલાકે
(દાતાશ્રીઓના વરદ હસ્તે)

**ભુમિપૂજનનો શુભ સ્થળ**

**શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, મોતા ફળીયા, દેરાસરની બાજુમાં, નલીયા (કચ્છ), તા. અબડાસા.**

શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સ્થાપિત – સંચાલિત
શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનના લીફ્ટ સહીત નવી વીંગ સાથે નુતન ઉપહાર ગૃહના
ભવ્ય શિલાન્યાસ મહોત્સવની પવિત્ર ઐતિહાસિક અને હૃદય સ્પર્શી ઘડી આવી છે.

શ્રી નલિયા તિર્થના દરેક ગામવાસીઓના હૃદયમાં વસેલા એક લાંબા સ્વપ્નને આજે સાકાર રૂપ મળે છે.

પવિત્ર આશય, અડગ નિશ્ચય અને અનન્ય ભક્તિભાવથી ભરેલા દાનવીર દાતા પરિવારોના અદ્ભૂત સહયોગથી આ ભવન ગામ ઉત્થાનની આગવી જ્યોત પ્રગટાવશે અને યુવા અને ભવિષ્યની પેઢી માટે ચિરસ્મરણીય બની રહેશે.

દાતાશ્રીઓ તમારા દાન આપના વિશ્વાસનુ પ્રતિક છે. જેણે આજે ભવિષ્યના અસ્તિત્વને શાશ્વત બનાવી દીધુ છે.

શિલાન્યાસ પ્રસંગે આપ સૌ ગામવાસીઓ તથા નિયાણી બહેનો અને સમસ્ત જ્ઞાતિજનો સાથે દાતાશ્રીઓને પધારવા તથા સાધર્મિક ભક્તિનો લાભ આપવા ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.

**આપના આગમનના અભિલાષી-નિમંત્રક:**

**શ્રી ક.દ.ઓ જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ**
**સ્થાપિત સંચાલિત**
**શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનના સકારત્મક સંગઠનના સારથીઓ**

ચેતન ખોના – 93244 61894

# કચ્છડો ખેલે ખલકમેં ગૌરવ પુરસ્કાર-૨૦૨૫
# પ્રબોધ મુનવરને અર્પણ કરાયો




મા આશાપુરા ન્યુઝ દ્વારા પ્રસ્તુત કચ્છડો ખેલે ખલકમેં, ગૌરવ પુરસ્કાર ૨૦૨૪-૨૫ મુળ ગામ કોઠારા કચ્છ હાલે વર્ધમાનનગર-કચ્છમાં રહેતા માનવજ્યોત ભુજનાં પ્રબોધ મુનવરને અર્પણ કરાયો હતો.

કચ્છ-મોરબીના સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડા, કચ્છ યુનિવર્સિટીનાં વાઇસ ચાન્સેલર મોહનભાઇ પટેલ, જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઇ સચદે, ક્ષત્રિય સમાજનાં આગેવાન શ્રી જોરાવરસિંહ રાઠોડ, જાણીતા ઉદ્યોગપતિ શ્રી અજીતભાઇ માનસતાનાં વરદ્ હસ્તે પ્રબોધ મુનવરને ગૌરવ પુરસ્કાર અર્પણ કરાયો હતો અને તેમની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સંજીવની કેસ અરજી નં.૧૯૦ માટે જરૂરી રૂા.૧.૬૫ લાખ જમા કરવા માટે ઝિલીએ પડકાર

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 190

## DONATION NEEDED!

## Mr JAYESH CHAMPSHI KHONA

Age 56 Yrs., Kalyan( Thane), Sayera.

**Admitted for Malarial Fever with Septic shock, Thrombocytopenia along with Anterior-Inferior Myocardial Infarction ( Heart attack)**




KDO SANJIVANI

**DONATION REQUIRED**

**Rs 1.65 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

૫૬ વર્ષીય સાંયરા હાલે કલ્યાણ રહેતા જયેશ ચાંપશીભાઈ ખોના પાર્ટિકલ મેલેરિયા તાવ, સેપ્ટિક શોક, થ્રોમ્બો સાયટોપેનિયા અને એન્ટિરિયર ઈન્ફીરિયર વોલ મ્યોકાર્ડિયલ ઈન્ફોકર્શનથી પીડિત છે. જે હાર્ટ એટેકનું કારણ છે.

જયેશ ખોના રેડિમેડ ગાર્મેન્ટ દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરી લઘુતમ વેતન મેળવે છે. પત્ની ગૃહિણી છે. બે દીકરીઓ પરણિત છે. જ્યારે દીકરો ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીમાં પીએચડી અભ્યાસ કરી રહ્યો છે. હાલે પરિવારની કોઈ મેડિક્લેમ પોલીસીનો સપોર્ટ નથી. તેમના ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૧.૬૫નો છે. જે માટે પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી છે.

આજ દિવસ સુધીના દરેકે દરેક સંજીવની કેસ દાતાઓના સહકાર્યથી સમયસર ઉકેલી અપાયા છે. તે ન્યાયપૂર્ણ અભિગમ કેસ નં.૧૯૦ પ્રત્યે દાખવીશું એવી આશા છે.


શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ
SHREE K.D.O. STUDENTS ASSOCIATION
જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા
@SHREEKDOVS
2025-27
ALLIANCE WITH
Kaya
YOGA STUDIO
Coming Together To Celebrate Strength, Stillness & Self-care!
FREE MORNING YOGA SESSION
YOGA DAY
Sat 21st June - 2025
A rejuvenating morning filled with
Movement, Mindfulness & Meaningful moments
- OPEN TO ALL AGE GROUP
From Young Minds to Wise Souls
Theme of the Event
• Energizing Yoga Session
• Deep Breath Work
• Fun Yoga Games & Activities
• Savasana & Relaxation
• Insightful Interaction & Sharing Circle
Maniraj Banquets
Guru Gobind Singh Marg, Mulund (W), Mumbai - 80
8:00 am To 10:00 am
Followed By a Wholesome Breakfast
KARISHMA
N. MOMAYA
Founder - Kaya Yoga Studio
Come In Comfy Clothes, Carry Your Yoga Mat & Bring Your Calm!
Let's Stretch, Breathe, Bond & Flow Into Wellness Together.
For More Details Contact
Dristi Maisheri
+91 90820 27351
Tuhin Goshar
+91 82913 92024

# દુબઈમાં યોજાયેલી વર્લ્ડ માઈન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં શિવાય ધુલ્લા અને જિનાંશ ધરમશી વિજેતા થઈ એવોર્ડ મેળવ્યા







તા.૨૫ મેથી ૩ મે દરમ્યાન દુબઈમાં યોજાયેલી વર્લ્ડ માઈન્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતાં મુલુંડ વેસ્ટની કિડ્સ કોર્નર જીનીયસ કિડ મેન્ટલમેથ પ્રોગ્રામના વિદ્યાર્થી સાત વર્ષના શિવાય વર્ષા ઝરણ ધુલ્લાએ સુડોકુ અને રૂબિક્સ ક્યુબમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને બે એવોર્ડ મેળવ્યા દસ વર્ષીય જિનાંશ ધરમશી એ વર્લ્ડ બેંક એવોર્ડ જીતીને ઉજળો દેખાવ કર્યો હતો. આ સાથો સાથ જીનીયસ કિડ ની મુલુંડ બ્રાંચના મેન્ટર અવની ધરમશી વિવિધ કેટેગરીઓમાં એક્સલેન્ટ પ્રદર્શન કરીને વર્સેટાઈલ વિનર એવોર્ડના હકદાર બન્યા હતા. ફ્રેન્ચાઈઝ ડિરેક્ટર ખુશ્બૂ સમીર ધરમશીની મેન્ટરશીપ અને નિષ્ણાત માર્ગદર્શનના કારણોથી જીનીયસ કિડ મુલુંડના બાળકો આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઝમકદાર દેખાવ કરવા કાબેલ બન્યા છે.



श्री ગુણસાગરસૂરિભ્યો નમ : શ્રી સંભવનાથાય નમ : શ્રી મહાકાળીમાતાય નમ :

॥ શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદય સૂરિભ્યોઃ નમઃ ॥

શ્રી સંઘ સ્થાપના ૧૯૭૨

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

## મંગલમય ચાતુર્માસ પ્રવેશ

❖ દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત, ભારતદિવાકર શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ દિવ્યાશિષ : તપચક્ર - ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ જ્યોતિષાચાર્ય પ. પૂ. આ. ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ મંગલ આજ્ઞા - આશિષ : સાહિત્યદિવાકર, રાજસ્થાન દક્ષિણ - દિપક, પરમાર્થમૂર્તિ, શ્રુતતીર્થોપાસક, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ મંગલ શુભેચ્છા : અજોડ શાસનપ્રભાવક, સળંગ ૨૫ મા વર્ષીતપના આરાધક પ. પૂ. આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ આગમદિવાકર પ્રશમરસનિધિ, પ. પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

**માતૃહૃદયા પ. પૂ. સાધ્વી શ્રી ગુણોદયશ્રીજી મ. સા. નો જન્મ શતાબ્દી વર્ષ**

માતૃહૃદયા પ. પૂ. સાધ્વી શ્રી ગુણોદયશ્રીજી મ. સા. ના શિષ્યા
પ. પૂ. સાધ્વી શ્રી કલ્યાણોદયશ્રીજી મ. સા. ના શિષ્યા
પ. પૂ. સાધ્વી શ્રી પુનિતગુણાશ્રીજી મ. સા. અને પ. પૂ. સાધ્વી
શ્રી અર્ચિતગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૨ (બે)નું ચાતુર્માસ પ્રાપ્ત થયું છે.

**સામૈયું શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયથી વાજતે ગાજતે થશે.**

કૃષ્ણ નિવાસ, સક્કર પંચાયત હોલની બાજુમાં, વડાલા (વે.), મુંબઈ ૪૦૦ ૦૩૧.

: પ્રવેશ :
સવારના ૯.૦૦ ક.
અષાઢ સુદ ૧, ગુરૂવાર
તા. ૨૬ જૂન ૨૦૨૫

❖ પ્રવેશ બાદ દર્શન વંદન અને ત્યારબાદ પૂજ્યશ્રી ઉપાશ્રયમાં માંગલીક ફરમાવશે ❖

❖ સકળ શ્રી સંઘને આ પાવન પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે ❖

લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ ના ટ્રસ્ટીઓ

શુભ સ્થળ

શ્રી સંઘનું શ્રી ધનજી રાયમલ દેઢીયા ફરાદીવાલા દર્શન ઉપાશ્રય હોલ, શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ અને શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન જ્ઞાતિ ટેરેસ હોલ
શ્રી સંભવનાથ ભગવાન ચોક, શ્રી જૈન દેરાસર લેન, વડાલા (વે.), મુંબઈ - ૪૦૦ ૦૩૧. ફોન : 90761 05668

# શ્રી રચના મહિલા મંડળ દ્વારા કોરલ મહોત્સવની ઉજવણી






શ્રી રચના મહિલા મંડળના ૩૫ વર્ષે કોરલ મહોત્સવ રવિવાર, તા.૮ જૂનના મેવાડ કેશરી ભવન, ભાંડુપમાં પ્રથમ નવકાર મંત્ર તથા નેમભક્તિથી પ્રારંભ કરી પૂર્ણ કાર્યક્રમ હર્ષ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

મંડળના આમંત્રણને માન આપીને કુમારભાઈ દંડ, વિરેન્દ્રભાઈ લોડાયા, પારસભાઈ મૈશેરી, ભુપેન્દ્રભાઈ દંડ (શાહ), સોમચંદભાઈ લોડાયા, વીરચંદભાઈ ઘરમશી, પ્રતાપભાઈ ઘરમશી, દીપકભાઈ ડાઘા તથા જયંતભાઈ છેડા જેવા મહાનુભાવો પધાર્યા હતા. એમણે દીપ પ્રાગટ્ય કર્યું હતું તથા મંડળની બહેનોનું સન્માન સ્વીકારીને સમારંભને ચાર ચાંદ લગાવ્યા હતા. મંડળના સ્થાપક શ્રીમતી ધનબાઈ તથા કમિટીની બહેનોએ સ્વાગત ગીત પર્ફોર્મન્સ સાથે રજૂ કરીને માહોલને ખુશહાલ બનાવી દીધો. મંડળ માટે લોગો તથા ટેગ લાઈન કોમ્પિટિશનમાં રસ પૂર્વક બહેનોએ ભાગ લીધેલ, જેમાં પ્રથમ આવનાર ઇનામ તથા બીજા બધાને કોન્સ્યુલેશન પ્રાઇઝથી સન્માનિત કરાયા.

પ્રમુખશ્રીમતી હર્ષાબેને સ્વાગત સાથે મંડળની રૂપરેખા વિશે જાણકારી આપી અને કમિટી મેમ્બર્સનું ધમાકેદાર પરિચય આપ્યું. વિજયાબેન એ ચેતનાબેન હરિયાને માઈક હેન્ડ ઓવર કર્યું ભાંડુપની શાન એવા ચેતનાબેન તથા ક્રિના શાહ એ સંગીતમય રંગારંગ ક્રિકેટને લગતી અનોખી શૈલીમાં હાઉઝી રમાડીને કાર્યક્રમને આનંદિત બનાવ્યું પૌલોમીબેને અતિથિઓનો પરિચય આપીને પ્રોગ્રામને રસદાર બનાવી દીધો હતો. મંડળની બહેનોને સજોડે આમંત્રણ હતું લગભગ ૨૦૦ જણાએ પ્રોગ્રામ માણ્યો હતો. સર્વે મહાનુભવોને સમય આપીને અને અનુદાન કરીને ભાવ વ્યક્ત કર્યા. આકાંક્ષા યુથ ફોરમે પણ ખડે પગે હાજર રહી અમને હેલ્પ કરી એમનો ખૂબ ખૂબ ધન્યવાદ ફરી આવા સુંદર પ્રોગ્રામ બનાવતા રહો એવી ભાવના સાથે ભાવતા ભોજનીયા લઈને સૌ છુટ્ટા પડ્યા.










Reg. No. E28149, Mumbai

# શ્રી જીયે પઢ્ઢાપીર ભકત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



પૂજ્ય શ્રી પઢાપીર શ્રી મહારાજા ગોપીચંદરાયજી પૂજ્ય શ્રી પઢાપીર મહારાજા યોગીરાજ શ્રી ગોપીચંદરાયનાથ

ગગન ગરજે, ને મોરલા બોલે, મથે ચમકે વીજ...
એ હલો, પાંજે પઢ્ઢાપીરજી પહેડી મેં, આવઈ અષાઢી બીજ

પૂજ્ય પઢ્ઢાપીર બાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવારોને તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૯વર્ષથી ધામધૂમથી આયોજાતી સમૂહ પહેડીમાં પધારવાનું **હાર્દિક આમંત્રણ**

## પૂજ્ય શ્રી યોગીરાજ ગોપીચંદ્રનાથ (પઢ્ઢાપીર બાપાની)
## ૧૯મી સમૂહ પંચાઉદેગ પહેડી

**શુક્રવાર, તા.૨૭-૦૬-૨૦૨૫**
**સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)**

**કાર્યક્રમની રૂપરેખા**

**સ્થાપના :** બપોરના ૧.૦૦ કલાકે (સારસ્વતવાડી મધ્યે)

**પઢ્ઢાપીર ચાલીસનો પાઠ :** બપોરે ૨.૩૦ થી ૩.૩૦ કલાકે (શ્રી જીયે પઢ્ઢાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા)

**સંતવાણી :** સાંજના ૪.૦૦ થી ૯.૦૦ કલાકે

(કલાકાર : ભજન આરાધક શ્રી ઋષભનાથ બાપુ અને સાથી કલાકારો તથા શાંતિલાલ મોજાર)

**ધૂપ આરતી :** સાંજના ૭.૦૦ કલાકે **પહેડીપ્રસાદ :** સાંજના ૬.૦૦ થી ૯.૦૦ કલાકે

**ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂનથી ઓગસ્ટ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૧૪/૧૫ જૂન ૨૦૨૫ | લ. વી. કન્યા છાત્રાલય, ઘાટકોપરઃ એડમિશન માટે ઈન્ટરવ્યુ. |
| તા. ૧૫ જૂન ૨૦૨૫ | મુંબઈ મહાજન આયોજિત ઓકટોબર ૨૦૨૫ મા ૪૮ કલ્યાણક સહિત તીર્થ યાત્રા પ્રવાસ માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. |
| તા. ૧૬ થી ૨૧ જુન ૨૦૨૫ | મુંબઈ મહાજન, અનંતનાથજી ટ્રસ્ટ તથા ન.ના. મેડિકલ ટ્રસ્ટ આયોજિત આખ, ઘુંટણ અને ત્વચા રોગ નિવારણ કેમ્પ ડૉ. કુરૂવાની સંજીવની નર્સિંગ હોમ, ભાડુંપ. મો. ૯૯૬૭૫૨૪૦૫૦ |
| તા. ૨૦ જૂન ૨૦૨૫ | નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ ૧૫ રૂમોની નવી વિંગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિન્ગને જોડતી લિફ્ટનું ભુમીપૂજન |
| તા. ૨૧ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.વિધ્યાર્થી સંઘ આયોજિત યોગા ઇન્ટરનેશનલ ડેના યોગા સેશન, મુલુંડ |
| તા. ૨૨ જૂન ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સ્નેહ મિલનઃ જૈનમ હોલ, ભાડુંપ બપોરે ૪.૦૦ ક. થી. |
| તા. ૨૭ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા નુતન અતિથિ ભવન નવ નિર્માણ ભૂમિપૂજન, ખાત મુહુર્ત તથા મુખ્ય શિલાન્યાસ. સવારે ૯.૩૦ ક. ધર્મશાળા ફલિયા, નલિયા. |
| તા. ૦૩ જૂલાઈ ૨૦૨૫ | ખોના ફલિયા, નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની સમુહ પહેડી. |
| તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૧૩ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી આયોજિત પર્યુષણ બાદ તા. ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના ઉત્તર ગુજરાત ચૈત્ય પરિપાટી માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. મો. ૯૮૩૩૭૩૨૩૪૫, ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૩૧ જૂલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં. |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**SHREE K.D.O. STUDENTS ASSOCIATION**

જ્ઞાતિની એકમાત્ર પ્રવૃત યુવા સંસ્થા

@SHREEKDOVS
2025-27

Enjoy 2 Years of

# VIDHYARTHI SANGH MEMBERSHIP

2025 - 2027

Get Access To Many Offers, Discount & Facilities To All Those Who Avail It

Get It By Paying ₹ 100

& Experience Benefits Of Ten Times The Value..!

Be a Lifetime Gold Member
By Paying ₹ 5001
One Time Only

**GHATKOPAR**
- Leenaben Lodaya +91 86521 55585
- Sania Meisheri +91 83697 71584

**MULUND**
- Prisha Dand +91 82911 78762
- Jainam Dand +91 91676 02937

**BHANDUP**
- Preet Lodaya +91 96647 95657
- Pooja Lodaya +91 79778 84741

**KANJURMARG**
- Sagar Dagha +91 90042 24139
- Sakshi Shah +91 99696 26587

**MASJID BUNDER WADALA**
- Chirag Lodaya +91 96198 76560

**DOMBIVLI**
- Harsh Meisheri +91 79001 68947
- Mahek Mota +91 93215 17083

**NAVI MUMBAI**
- Janvi Kuruwa +91 83698 19986

**THANE**
- Tuhin Goshar +91 82913 92024

**WESTERN**
- Ronak Lapasiya +91 97021 58578

Take/Renew Your Membership From Your Nearest Centers Now

# શ્રીમતી લક્ષ્મીબેન વીરજી કન્યા છાત્રાલયની વિદ્યાર્થીની છાત્રાલય પ્રવેશ સમયે ડોનેશન ચેક આપ્યો



ચાલીસગામની વિદ્યાર્થીની છાત્રા રિયા કપિલ લોડાયા શ્રીમતી લક્ષ્મીબેન વીરજી કન્યા છાત્રાલયમાં નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ સમયે જ છાત્રાલયના પ્રમુખ વિમલબેન ગોસર અને સેક્રેટરી હિનાબેન કલ્પરાજ ધરમશીને ડોનેશનનો ચેક આપીને નવો અનુકરણીય દાખલો બેસાડ્યો. શિક્ષણના ગુરૂકુલનું ઋણ અદા કરવાના આ અભિગમ માટે કુ. રિયા લોડાયા ખરેખર ધન્યવાદને પાત્ર છે. સૌને માટે પ્રેરક છે. ઉદારતા ભરી ઊંડી સમજ બતાવનાર છાત્રાને હાર્દિક અભિનંદન.

# પર્વાધિરાજ પર્યુષણ પ્રવચનમાળા ભાગ ૧ થી ૭ પુસ્તક આધારિત ઓપન બુક એક્ઝામનું આયોજન

પર્વાધિરાજ પર્યુષણમાળા ભાગ ૧ થી ૭ પુસ્તક આધારિત ઓપન બુક એક્ઝામ ઘર બેઠા પરીક્ષાનું આયોજન કરાયું છે. તો ઈચ્છુક વહેલા તે પહેલાના ધોરણે નીચે આપેલ સરનામે પુસ્તક પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર રૂા.૧૫૦ ભરીને નામ લખાવીને મેળવી લેવા. પ્રારંભ તારીખ ૧૫ જૂન ઉત્તરપત્ર પરત કરવાની અંતિમ તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫.

પુસ્તક મેળવવાના સ્થળ ૧) સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી, ૩/૩૯, અનંતનિવાસ-ભાત બઝાર, ૨૬૨/૭૦ નરશીનાથા સ્ટ્રીટ -મસ્જીદ બંદર, મુંબઈ મો.૦૯૩૨૩૯૪૪૧૧૭. ૨) અ.સૌ. પૂર્ણિમાબેન પ્રદીપ લોડાયા, પાર્ટમેન્ટલ સાહિલ અપાર્ટમેન્ટ, બી વિંગ, ફલે.નં. ૩૨, ૩જે માળે દેવનગર દેરાસર લેન., દેવનગર સીતા સદનની સામે, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૬૭ મો. ૯૮૯૨૪૪૩૭૯૧ ૩) અ.સૌ. દીપલબેન ખુશાલ વીરા, બી/૪૦૧, શ્રી સિદ્ધી પ્લાઝા સોસાયટી, આર.આર.ટી રોડ, રામ રતન ત્રિવેદી રોડ (ભાજી માર્કેટ રોડ) ઓમ જવેલર્સની પાછળ, મુંલુંડ - વેસ્ટ - મુંબઈ-૪૦૦૦૮૦, મો. ૯૯૩૦૯૮૦૩૯૯. ૪) અ.સૌ. ચાંદનીબેન હિતેશ ખોના, ૪૦૫, અનંત છાયા, ૬૦ ફીટ રોડ, આર. બી.મહેતા માર્ગ, જૈન દેરાસર પાસે, ઘાટકોપર ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૭૭, મો. ૯૩૨૩૫૨૩૭૮૧ સમય સવારના ૯ થી ૧૨. ૫) અ.સૌ. ગીતાબેન કીરીટ લોડાયા, સી વીંગ, રૂમ નં ૨ બિલ્ડીંગ ન. ૪ છેડા રોડ, અંબીકા નગર, પંચાયત બાવડી પાસે ડોંબીવલી ઇસ્ટ મો.નં. ૮૦૮૨૨૦૭૩૦૪. ૬) અ.સૌ હેમલબેન વિજય પોલડીયા, શંત્રુજ્ય એકેડમી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાલીસગાંવ મો.ન. ૮૯૫૬૩૭૨૨૨૭. ૭) અ.સૌ મીનાબેન ભાવેશ નાગડા મસ્જીદ મો. નં. ૯૯૩૦૧૯૫૨૮૧.

ઉત્તરપત્ર મોકલવાનું સરનામું સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી - મો. ૯૩૨૩૯૪૪૧૧૭



# કુ.નિધિ જિગ્નેશ મોતા ઓસ્માનિયા યુનિવર્સિટી હૈદ્રાબાદથી બી.કોમ.ડિગ્રી ૯૦% માર્કસ સાથે મેળવી

લાખણીયા-કચ્છ હાલે હૈદ્રાબાદની કુ.નિધિ જિગ્નેશ મોતા ઓસ્માનિયા યુનિવર્સિટી હૈદ્રાબાદથી બી.કોમ. ડિગ્રી ૯૦% માર્કસ સાથે સફળતાપૂર્વક મેળવી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. આ ગૌરવપૂર્ણ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા.

## શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
## વર્ધમાનનગર-કચ્છ.
## વર્ધમાનનગર-કચ્છ મધ્યે કે.ડી.ઓ. ભવન
### :: કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર માટે આવેલ અનુદાન ::

**હીરક દાતાશ્રી રૂા. ૧,૦૮,૦૦૦/-**

**ગોલ્ડન દાતાશ્રી રૂા. ૫૪,૦૦૦/-**

**સિલ્વરદાતાશ્રી રૂા. ૨૭૦૦૦/- (સત્યાવીસ હજાર)**
**નીરૂપમાબેન હરીશભાઈ લોડાયા-વારાપધ્ધર-વર્ધમાનનગર**

**સિલ્વરદાતાશ્રી રૂા. ૨૭૦૦૦/- (સત્યાવીસ હજાર)**
**અ.સૌ. સ્મીતાબેન રાયચંદ જીવાણી-જખૌ-ડોમ્બીવલી**

## શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
## વર્ધમાનનગર-કચ્છ.
## કે.ડી.ઓ. ભવન-વર્ધમાનનગર-કચ્છ

વર્ધમાનનગર-કચ્છ જ્યાં આપણા સમાજનાં ૭૫ પરિવારો વસે છે. જણ સંખ્યા ૨૩૦ છે. ''મીની અબડાસા,, અહીં એકજ જગ્યાએ વસ્યું છે. તેવા આ નગરમાં હવે આપણી સમાજવાડી (મહાજનવાડી- અતિથિગૃહ) નિર્માણ પામેલ છે. આ ભગીરથ કાર્યમાં સાથ-સહકાર-સહયોગ આપનાર આપ સૌનો આભાર... આભાર...

**અનુદાનની રકમ નીચે મુજબ બેંક એકાઉન્ટમાં મોકલી શકાશે.**

નીચે મુજબ બેંક એકાઉન્ટમાં NEFT, RTGS-UPI થી ભરેલ રકમની વિગત ૯૮૭૯૬૦૦૮૬૮ થી મોબાઈલ નં. પર મોકલશોજી. જેથી આપને પહોંચ મોકલી શકાય. ચેક પણ નીચે મુજબ નામે લખવા વિનંતી છે.

A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust

Bank Name : The Cosmos Co-Op Bank Ltd. Bhuj-kutch.

A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
## વર્ધમાનનગર-કચ્છ.

## વર્ધમાનનગર-કચ્છ મધ્યે કે.ડી.ઓ. ભવન

### :: કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર માટે આવેલ અનુદાન ::

- રૂા. ૧૧૦૦૦ સુધીનું અનુદાન આપનાર દાતાશ્રીઓના નામ આધાર સ્થંભ દાતા તરીકે ગ્રેનાઇટની તકતી ઉપર એક સાથે એક તકતી ઉપર અંકિત કરવામાં આવશે.
- રૂા. ૧૧૦૦૦ નીચે અનુદાન આપનાર દાતાશ્રીઓના નામ એક સાથે એક બેનર ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. જે બેનર કે.ડી.ઓ. ભવન ઉદ્‌ઘાટન પ્રસંગે લગાડવામાં આવશે.
- આપશ્રી પણ નાનું-મોટું અનુદાન આપી આ ભગીરથ કાર્યમાં સહયોગ આપશો તેવી નમ્ર વિનંતી છે.

### આધારસ્થંભ દાતાશ્રી રૂા. ૧૧૦૦૦/- (અગીયાર હજાર)

| | | | |
|---|---|---|---|
| ૧. | જયાબેન પ્રબોધ મુનવર | કોઠારા | વર્ધમાનનગર |
| ૨. | ખમાવંતીબેન મહેન્દ્ર લોડાયા | કોઠારા | વર્ધમાનનગર |
| ૩. | લીલાવંતીબેન હીરાચંદ છેડા | સુથરી | વર્ધમાનનગર |
| ૪. | સંગીતાબેન પંકજ નાગડા | રાપરગઢવારી | વર્ધમાનનગર |
| ૫. | અમીતાબેન તુષાર જૈન | ગોએરસમા | વર્ધમાનનગર |
| ૬. | અ.સૌ. જાગૃતિબેન પ્રફુલભાઈ નાગડા | વારાપદ્ધર | વર્ધમાનનગર |
| ૭. | સરીતાબેન બીપીનભાઈ છેડા | સુથરી | વર્ધમાનનગર |
| ૮. | સ્વ. કુમારી નીરાલીબેન મહેન્દ્રભાઈ ખોના | ભુજ | વર્ધમાનનગર |
| ૯. | જયોતિબેન હેમંતભાઈ વિકમશી | રાણપુર | વર્ધમાનનગર |
| ૧૦. | દમયંતિબેન દિલીપભાઈ મોતા | નલીયા | વર્ધમાનનગર |
| ૧૧. | માતુશ્રી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી | કોઠારા | કોઠારા |
| ૧૨. | જયાબેન બીપીનભાઈ દંડ | લાલા | વર્ધમાનનગર |
| ૧૩. | કલ્પનાબેન લધુભાઈ હેફા | સુથરી | વર્ધમાનનગર |
| ૧૪. | સ્વ. ચંદ્રકાંત હીરાચંદ મુનવર | કોઠારા | વર્ધમાનનગર |
| ૧૫. | પુણ્યશ્લોકી માતુશ્રી કુંવરબાઈ રતનશીં આણંદજી મૈશેરી | મોટી સિંધોડી | મોટી સિંધોડી |
| ૧૬. | ધનલક્ષ્મીબેન મહેન્દ્રભાઈ નાગડા | કોઠારા | કોઠારા |
| ૧૭. | જેવંતીબેન નેણશીં ખોના | સાંધવ | વર્ધમાનનગર |
| ૧૮. | માતુશ્રી રેણુકાબેન જયંતીલાલ લોડાયા હ. રાજેશ લોડાયા | મોટી ખાવડી | ભાંડુપ |
| ૧૯. | માતુશ્રી સુશીલાબેન રતિલાલ રૂપશી લોડાયા | મોટી ખાવડી | ડોમ્બીવલી |
| ૨૦. | હંસાબેન સુરેશભાઈ વિકમશી હ. આકાશભાઈ | વારાપદ્ધર | વર્ધમાનનગર |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | ઈન્દુમતીબેન લક્ષ્મીચંદભાઈ લાલજી પોલડીયા- બાયઠ | | વર્ધમાનનગર |
| ૨૨. | સુશીલાબેન પ્રેમચંદભાઈ દંડ | લાલા | વર્ધમાનનગર |
| ૨૩. | કુ. ઈન્ડીયા, કુ. સિડની, બેલા<br>મયુર ધુલ્લા મોતા,<br>હ. મીનાબેન ચીમનભાઈ મોતા<br>તન-મન-ટુર | વારાપદ્ધર | મુલુન્ડ |
| ૨૪. | લીલાવંતીબેન લક્ષ્મીચંદભાઈ લાલકા | બાંડીયા | ભુજ |
| ૨૫. | ચંદનબેન સોમચંદભાઈ મોમાયા | વરાડીયા | ભુજ |
| ૨૬. | અનીલાબેન હરીશભાઈ વિક્રમશી | રાણપુર | ભુજ |
| ૨૭. | કુમુદબેન અરવિંદભાઈ લોડાયા | વારાપદ્ધર | ગાંધીધામ |
| ૨૮. | શ્રી મહાકાળી મહિલા મંડળ | વર્ધમાનનગર | ભુજ |
| ૨૯. | રસીકાબેન જવેરચંદભાઈ ખોના | કોઠારા | વર્ધમાનનગર |
| ૩૦. | હસુમતીબેન નવિનચંદ્ર દંડ | લાલા | અમદાવાદ |
| ૩૧. | ગુણવંતીબેન ભરતભાઈ મોતા<br>હ. રાજ | જખૌ | વર્ધમાનનગર |
| ૩૨. | માતુશ્રી નવલબાઈ ઠાકરશી નરશીં લોડાયા<br>હસ્તે સુપુત્રો, જામનગર-આદીપુર | વારાપદ્ધર | |
| ૩૩. | માતુશ્રી બાંચાબાઈ સામજી દેવણાંધ મોતા<br>હસ્તે સુપુત્રો અંધેરી-લોનાવાલા | સુખપર | |
| ૩૪. | માતુશ્રી મણીબાઈ નરશી ઉકેડા લોડાયા<br>હસ્તે અ.સૌ. દમયંતીબેન વીરચંદ લોડાયા | રાપરગઢવારી<br>મુલુન્ડ | |
| ૩૫. | અ.સૌ. ચંદ્રીકાબેન લલીતભાઈ<br>ટોકરશી લોડાયા- હૈદ્રાબાદ | રાપરગઢવારી | |
| ૩૬. | માતુશ્રી યશોદાબેન જગદીશભાઈ જયચંદ નાગડા<br>હસ્તે અ.સૌ. દીપ્તીબેન મીતેશ નાગડા - કોપલ | | નલીયા |
| ૩૭. | માતુશ્રી રતનબેન ખીમજી ચત્રભોજ લાલકા | વારાપદ્ધર | આદીપુર |
| ૩૮. | જયાબેન શાન્તીલાલ પદમશીં લોડાયા | સાયરા | મુલુન્ડ |
| ૩૯. | માતુશ્રી વિજયાબાઈ લક્ષ્મીચંદ ભાણજી નાગડા- નલીયા | | થાણા |
| ૪૦. | માતુશ્રી વિજયાબાઈ પદમશીં ગોવિંદજી છેડા- સુજાપર<br>હસ્તે અ.સૌ. હેતલ હર્ષલ છેડા- ડોમ્બીવલી | | |
| ૪૧. | માતુશ્રી ધનબાઈ દામજી કરમશી લાપસીયા<br>હસ્તે સુપુત્રીઓ | સુથરી | |
| ૪૨. | દાદી મહારાજ પ.પૂ. વિમલયશાશ્રીજી મ.સા. ની ૧૦૦મી<br>જન્મશતાબ્દિની સ્મૃતિમાં માતુશ્રી મણીબાઈ વર્ધમાન<br>શામજી ખોના હસ્તે વૃષભ, નીકીતા, જયમલ, નયનાબેન<br>લહેરીન ખોના | સુજાપર | પવઈ |
| ૪૩. | માતુશ્રી વેજબાઈ સોમચંદભાઈ નાગડા | નલીયા | ગાંધીધામ |

# કચ્છનાં મીની અબડાસા, વર્ધમાનનગર-કચ્છમાં હવે આપણાં સમાજની આપણી સમાજવાડી

ભુજથી માત્ર ૭ કિલોમીટરનાં અંતરે ભુજ-માધાપર પછી વર્ધમાનનગર વસેલું છે. અહીં આપણી જ્ઞાતિનાં ૭૫ પરિવારો વસે છે. જેની જણ સંખ્યા ૨૩૦ છે. લાંબા સમયથી અહીં આપણાં સમાજની મહાજનવાડી, સમાજવાડી કે અતિથિગૃહ, કે.ડી.ઓ. ભવનની ખૂબજ જરૂરત હતી.

વર્ધમાનનગર-કચ્છ મધ્યે આ નગરમાં આપણું મીની અબડાસા વસેલું છે. અહીં રહેતા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ પરિવારોનું લાંબા સમયનું સમાજવાડીનું સ્વપનું સાકાર થયું છે. દાનવીર દાતાશ્રીઓ અને શ્રેષ્ઠીવર્યોનાં સહયોગથી તૈયાર સમાજવાડી લેવાઇ ગઇ છે. દસ્તાવેજ બની ચૂકયા છે.

**૧. કે.ડી.ઓ. ભવનનાં મુખ્ય દાતાશ્રીના નામ સાથે અનુદાન મળી ચૂકયું છે.**

**શ્રી ગુણોદય-મુક્તિ-જય-ગુણ આશિષે શાસન પ્રભાવિકા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં ખાનદેશરત્ના પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશી કુ. ડો. ઉર્વશીબેન, કુ. પ્રિયંવદાબેન, કુ. વિધાબેન, કુ તક્ષશિલાબેન ગોરખડી-તાડદેવ તરફથી કે.ડી.ઓ. ભવન માટે રુ. ૨૫,૦૦,૦૦૦ પચ્ચીસ લાખનું અનુદાન મળેલ છે.**

૨. કે.ડી.ઓ. ભવન મુખ્ય હોલનાં દાતાશ્રીઓ મંજુ-લક્ષ્મી હોલ રૂા. ૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ)

**: પાવન પ્રેરણા :**

**સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ**

**પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**અજોડ શાસન પ્રભાવક**

**પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

| |
|---|
| શ્રીમતિ મંજુલાબેન લહેરચંદ લખમશી નાગડા, કોઠારા-મુલુંડ |
| હસ્તે અ.સૌ. ભાવનાબેન મણીલાલ લોડાયા |
| અ.સૌ. નમીતાબેન વિશાલ લોડાયા |
| ચિ. નિધી, ચિ. ફિયોની, વાસી-મુંબઈ |
| માતૃશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરશી લોડાયા, આરિખાણા-મુલુંડ |
| અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઈ લોડાયા |
| અ.સૌ. ડાયનાબેન ચંદ્રેશ લોડાયા |
| અ.સૌ.શીતલબેન તેજશ શાહ |
| ચિ. ખુશી-સનાયા-વિહા-વામીકા |

**સર્વે દાતાશ્રી પરિવારોનું ખૂબ-ખૂબ આભાર....**

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છ.ની ખૂટતી કડીઓ પૂરવા સૌને કરબદ્ધ પ્રાર્થના છે.

# કચ્છનાં મીની અબડાસા, વર્ધમાનનગર-કચ્છમાં હવે આપણાં સમાજની આપણી સમાજવાડી

| | |
|---|---|
| રૂમ નંબર-૧ | કુસુમબેન હરીશભાઇ ધરમશીં સુથરી-મુલુંડ મુંબઇ<br>રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| રૂમ નંબર-૨ | માતુશ્રી હીરાબેન ડુંગરશી વિસનજી મોમાયા હસ્તે પ્રીતિબેન મોમાયા ગામ સાંયરા-કચ્છ હાલે ભુજ રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| રૂમ. નંબર-૩ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| રૂમ નંબર-૪ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| ઉપર ઓફિસ રૂમ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) |
| ઉપર મુખ્ય ચાલી | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા.૫,૫૧,૦૦૦(પાંચ લાખ એકાવન હજાર) |
| હીરક દાતાશ્રી | રૂપિયા ૧,૦૮,૦૦૦ |
| ગોલ્ડન દાતાશ્રી | રૂપિયા ૫૪,૦૦૦ |
| સિલ્વર દાતાશ્રી | રૂપિયા ૨૭,૦૦૦ |
| આધાર સ્થંભ દાતાશ્રી | રૂપિયા ૧૧,૦૦૦ |

અગિયાર હજાર સુધીનું અનુદાન આપનાર દાતાશ્રીઓનાં નામ આધારસ્થંભ દાતાશ્રી તરીકે ગ્રેનાઇટની તકતી ઉપર એક સાથે અંકિત કરવામાં આવશે.

આ ભગીરથ કાર્યમાં સર્વે સમાજવાસીઓનો સાથ-સહકાર સહયોગ જરૂરી છે. હજુ પણ ભોજનશાળા તથા ઉપાશ્રયનું આયોજન વિચારણા હેઠળ છે. દરેક દાતાશ્રીઓનાં નામ ગ્રેનાઇટ તકતીઓ ઉપર અંકિત કરવામાં આવશે. કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છનું ટૂંક સમયમાં ઉદઘાટન કરવામાં આવશે. આ ભવન દરેક વ્યવસ્થાઓથી સંપૂર્ણ સજ્જ હશે.

સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, મંડળો, મંચો, ગ્રુપો, શ્રેષ્ઠીવર્યો, દાનવીર દાતાશ્રીઓ અને ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં સર્વે પરિવારોનાં સાથ-સહકાર-સહયોગથી એક શ્રેષ્ઠ કાર્ય થયું છે. દરેક હિસાબો જ્ઞાતિ મુખપત્રો દ્વારા સમાજ સમક્ષ મુકવામાં આવશે.સમાજ ઉપયોગી જરુરિયાત પરિપૂર્ણ થઇ છે. સૌના સાથ સહકાર-સહયોગની અપેક્ષા સાથે આભાર... સર્વે દાતાશ્રીઓનું ખૂબ-ખૂબ આભાર....

**ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.**

**A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust**

Bank Name : The Cosmos Co-Op Bank Ltd. Bhuj-kutchh.

A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053

**સંપર્ક નંબર**

**પ્રબોધ હીરાચંદ મુનવર-૯૯૨૫૧૬૯૮૭૬**

**દિલીપ રતનશી મોતા-૯૪૨૭૨૪૯૫૪૯**

**તુષાર મણીલાલ જૈન-૯૮૭૯૬૦૦૮૬૮**

**રાહુલ બીપીન દંડ-૯૯૭૮૭૯૦૧૬૯**

**મહેન્દ્ર પદમશી લોડાયા-૯૩૧૫૬૫૦૬૭૯**

**હીરાચંદ લક્ષ્મીચંદ છેડા-૯૮૭૯૩૫૭૨૪૬**

**હરીશ શીવજી લોડાયા-૯૯૭૯૧૯૮૮૯૯**

**વિનય લધુભાઇ હેફા-૯૯૭૮૩૨૩૬૦૭**

**અમીતા તુષાર જૈન-૯૯૨૫૨૨૬૨૪૮**

**સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન સ્વીકારશોજી**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છ મધ્યે તા.૭ ડિસેમ્બરના સમૂહ લગ્નનું આયોજન

જ્ઞાતિ અને ધર્મ કાર્ય માટે અવિરત કાર્યરત સંગઠન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા તા.૭ ડિસેમ્બર ૨૦૨૫ રવિવાર માગસર સુદ ત્રીજ તિથિ દિને કચ્છ મધ્યે સમૂહલગ્નનું આયોજન નિર્ધારીત કરાયું છે.


જે કોઈ પણ પરિવારને આ એક દિવસીય સમૂહલગ્ન આયોજનમાં જોડાવાની ઈચ્છા હોય તેઓ એ જલદીથી ફોર્મ મેળવી સંપૂર્ણ ભરી નોંધણી કરાવી લેવી. જે માટે સંપર્ક કિરણભાઈ દંડ, મુંબઈ-૯૮૩૩૮૦૮૨૪૪, પ્રબોધભાઈ મુનવર, ભુજ-૯૯૨૫૧૬૯૮૭૬, વીરેન્દ્રભાઈ લોડાયા, મસ્જિદબંદર-૯૦૮૨૫૫૭૦૨૨, અરવિંદભાઈ લોડાયા, ગાંધીધામ-૯૮૨૫૬૩૪૬૪૯, વીરચંદભાઈ ખોના, વાશી-૯૮૭૦૯૮૯૦૦૫, ચંદ્રેશભાઈ છેડા, રાયપુર-૯૪૨૫૨૧૩૫૪૦, ચંદ્રેશભાઈ, અમદાવાદ-૯૮૨૪૦૧૪૯૪૭, ચેતનભાઈ, કોચીન-૯૮૪૬૨૬૮૭૭૭ તથા જયેશભાઈ લાલકા, ડોંબિવલી-૯૦૦૪૦૩૯૨૧૯

# કેન્સર પેશન્ટ માટે ૫૦ મી વાર પ્લેટલેટસ ડોનેટ કરવા બદલ ટાટા હોસ્પિટલ દ્વારા ભવ્ય તિલેશ ધરમશીનું બહુમાન કરાયું


દાન બહુવિધ રીતે આપી શકાય છે. ધન-દ્રવ્ય આપી રક્તદાન કરી, અંગદાન કરી, શ્રમદાન સાથે કે જ્ઞાન-શિક્ષણ કે માર્ગદર્શન આપી અન્યને ઉપયોગ થઈ શકાય છે. અન્ય માટે સ્વનો ભોગ આપવો એ ઉદારતા અને સજ્જનતાની નિશાની છે. સુથરી હાલ મસ્જીદબંદરના શ્રીમતી રાજુલ અને તિલેશ (ટોની) તારાચંદ ધરમશીના પુત્ર ભવ્ય એ કેન્સર પીડિત પેશન્ટને મદદરૂપ થવા અવાર નવાર પ્લેટલેટસનું દાન કરે છે. હાલમાં સતત ૫૦ મી વાર પ્લેટલેટસ ડોનેટ કરવા બદલ ટાટા હોસ્પિટલ તરફથી ભવ્ય ધરમશીનું બહુમાન કરી સન્માનિત કરાયા. યુવા વયે માનવસેવાની વિચારસરણીને ઉજ્જ્વળ કરવા બદલ ભવ્યને હાર્દિક અભિનંદન.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિજયાબાઈ મોતા**
તા.૯ જૂન (ઉ.૮૪)
નલિયા-મુલુંડ




**મણીલાલ લોડાયા**
તા.૧૦ જૂન (ઉ.૭૧)
સાયરા-ગદગ



**મિતેશભાઈ પોલડીયા**
તા.૧૧ જૂન (ઉ.૪૭)
દલતુંગી-મુલુંડ



**રાજીવભાઈ દંડ**
તા.૧૧ જૂન (ઉ.૫૪)
સેવક ભરૂડીયા-ડોંબિવલી



**નવીનચંદ મૈશેરી**
તા.૧૪ જૂન (ઉ.૭૫)
નાની સિંધોડી-ભરૂચ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

KDO

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
# મેડિકલ સમિતિ



KDO
SANJIVANI

## કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● દેશલપર ગામના યુવા આર્ટિસ્ટ દિલીપ વાઘેલા દ્વારા ગુંતલી ગામની મુલાકાત દરમ્યાન પથ્થરમાં અલગ પ્રકારની આકૃતિ જોવા મળી તેને ઉઠાવીને જોતાં ગણપતિની પ્રતિકૃતિ કુદરતી રીતે છપાઈ હોય એવું જણાયું હતું. બેથી ત્રણ ઈંચ લંબાઈ ધરાવતા આ પથ્થર આકૃતિનું વજન અસાધારણ હોવાનું જણાયું એટલે કે ૮૦૦ ગ્રામ. તેની ચકાસણી કરવા ચુંબકનો સ્પર્શ કરાવ્યો તો ચુંબક પથ્થર પર ચોંટી ગયું હતું. પથ્થર પર કલર કામ કરતાં આબેહૂબ ગણપતિના દર્શન થયા. દિલીપભાઈનું માનવું છે કે અહીં જો સંશોધન થાય તો લોંખડ મળી આવવાની પૂરી સંભાવના છે.

● સાપુતારા ખાતે યોજાયેલી ૬૮મી અખિલ ભારતીય શાળાકીય રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં અન્ડર ૧૪ કેટેગરીમાં કાંસ્યપદ મેળવનાર હાર્દી જિજ્ઞેશ પંડ્યાને આ ક્ષેત્રે વધુ પ્રગતિ કરી શકે તે માટે અમેરિકામાં નિર્મિત ધનુષ માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધ દવેની પ્રેરણા અને અદાણી ફાઉન્ડેશનના સૌજન્યથી આપવામાં આવ્યું. ૧૦ વર્ષીય હાર્દી પંડ્યા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પરિવાર સાથે કચ્છ અને રાજ્યનું નામ રોશન કરે તેવી શુભેચ્છા ધારાસભ્ય અનિરૂધ્ધ દવેએ રૂબરૂ મળી પાઠવી હતી.

● કચ્છ અને સૌરાષ્ટ્ર બે દાયકા બાદ રેલવે સેવાથી જોડાયા છે. ભુજથી રાજકોટ વચ્ચે ત્રણ માસ માટે પ્રાયોગિક ધોરણે દોડનારી ટ્રેનને ભુજ રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરાવાયું હતું. ભુજ રેલવે સ્ટેશન રેલવે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસો.ના અગ્રણીઓએ ટ્રેનના ચાલકનું હારતોરાથી સ્વાગત કરી મીઠું મોઢું કરાવી સ્પે.ટ્રેનને પ્રસ્થાન કરાવ્યું હતું. ટ્રેન દરરોજ સવારે ૬.૫૦ કલાકે ભુજથી ઉપડી અંજાર, આદિપુર, ગાંધીધામ સામખિયાળી, ભચાઉ, માળિયા મિંયાણા, દહિંસર, મોરબી સ્ટેશને થોભી બપોરે ૧.૩૦ વાગે રાજકોટ પહોંચશે. વળતા બપોરે ૨.૩૦ વાગે ઉપડી રાતે ૯.૪૦ કલાકે ભુજ પહોંચશે. બે દાયકા પૂર્વે ભુજ રાજકોટ ટ્રેન શરૂ થઈ હતી પણ પૂરતા પ્રવાસીઓએ ન મળતાં બંધ થઈ ગઈ હતી. નવી ટ્રેનને દ્વારકા કે સોમનાથ સુધી લંબાવવાની માંગણી થઈ છે.

● અબડાસાના સીમાડામાં અત્યારે ઘાસ ખલાસ થઈ જતાં પશુધન માટે ચરિયાણનો વિકટ પ્રશ્ન ઊભો થયો છે. ગત વર્ષે ભારે વરસાદને કારણે વધુ પડતાં પાણીથી ઘાસ બળી જતાં અત્યારે સીમમાં ચરવા જતાં પશુધનને ભૂખ્યા પરત આવવું પડે છે. જેથી પશુપાલકો ચિંતિત બન્યા છે. ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય લેતાં પશુધનને માટે સંસ્થાને સરકાર સબસીડી આપે છે. પરંતુ પશુ પાલન વ્યવસાય કરનારને કોઈ સહાય મળતા નથી ને સીમમાં ક્યાંય ઘાસ ઉપલબ્ધ નથી. બહારથી આવતું ઘાસ ખૂબજ મોંઘુ પડે છે. તેથી દૂધ ઉત્પાદન પર અસર પડે છે.

● માધાપરના મહિલા મંડળ દ્વારા નવતર પ્રયોગ રૂપે નવી પેઢીમાં બાજરાના રોટલા હાથથી તૈયાર કરવાની આવડત લુપ્ત થાય છે. જ્યારે જૂની પેઢીમાં જ જોવા મળતી આ કળા મહિલા શીખે ને કચ્છી ભાણું બાજરાના રોટલા ઘરે બનાવે તે માટે અનોખી હરિફાઈનું આયોજન કરાયું હતું. નારી શક્તિ મહિલા મંડળ દ્વારા હરિફાઈમાં તૈયાર થયેલ. રોટલા શ્વાનને ખવડાવવામાં આવ્યાં હતાં. ભાગ લેનારા બહેનોને દેશી ચૂલા પર હાથથી રોટલા બનાવવાના નિયમો બતાવવામાં આવ્યા હતા. સંભવત કચ્છમાં પ્રથમ વખત યોજાયેલી હરિફાઈમાં બહેનો ઉત્સાહથી ભાગ લીધો હતો. હરિફાઈ વિજેતાને ઈનામ અપાયા હતા.

● ગત વર્ષે કંડલાના દીનદયાળ પોર્ટ ૧૩૨.૩ મિલિયન મેટ્રિકટન કાર્ગો હેન્ડલ કર્યો હતો. જ્યારે આ વર્ષે ૧૩ ટકાનો ગ્રોથ કરીને ૧૫૦.૧૬ મિલિયન મેટ્રિકટન કાર્ગો હેન્ડલ કરી દેશના મહાબંદરોમાં નંબર વનનું બિરૂદ પુનઃ મેળવ્યું છે. આગામી નાણાંકીય વર્ષમાં ૧૭૦ મિલિયન મેટ્રીકટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક નિર્ધાર કરવામાં આવ્યો હોવાનું પોર્ટના ચેરમેન સુશીલકુમાર સિંઘે જણાવ્યું હતું.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

720 Days

FIXED DEPOSIT

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

★ STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank